# આઈઆઈટીની રોચક 'ફિટનેસ ચેલેન્જ'



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પચીસ દિવસીય ફિટનેસ સમર કેમ્પના સમાપન પ્રસંગે ફિટનેસ ચેલેન્જ નામે એક રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાની જિમ્નેશિયમ કમિટી દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ વિવિધ તબક્કામાં યોજવામાં આવ્યો હતો અને તે સ્પર્ધા સ્વરૂપે હતો. સૌથી વધુ ટાસ્ક ઓછામાં ઓછા સમયમાં પૂર્ણ કરનારાં પાંચ પુરુષ અને પાંચ મહિલા સ્પર્ધકોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ, સ્ટાફ સહિત ૧૧૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ફિટનેસ સમર કેમ્પ અને ફિટનેસ ચેલેન્જ બંને કાર્યક્રમો પરત્વે ભાગ લેનારા સૌકોઈએ આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

**Title:** Interesting 'Fitness Challenge' of IIT
**Source:** Gandhinagar Samachar (Pg. No. 06)
**Link:** https://www.gandhinagarsamachar.com/wp-content/epaper/june2018/19062018-6.pdf
**Date:** 19/06/2018